

બેન તારામતી લગ્ન મહોત્સવ.

કાવ્ય.



[illegible]

સને ૧૯૨૦ ના મેની તા૦ ૮ વાર શનેઉ

કાર્યક્રમ

સત્કાર.

સ્તુતિ.

વર કન્યાને ઉપદેશ.

ગરબી.

ગીત (પ્રેમ સંબંધી)

સંવાદ

Rights of women.

ખેલ.

આશીરવાદ ગીત.

ઈનામ.

રાજગીત.

સત્કાર.

મોંઘેરા મહેમાન ! હમારાં શાં કરિયે સન્માન ?
શાં કરિયે સન્માન ? હમારા મોંઘેરા મહેમાન !
જેને યોગ્ય ગણ્યા અન્તરથી, લેવા કન્યાદાન,
તે ગણના આગળ લાગે સૌ, ઊણાં આદરમાન.—હમારાં.
કન્યારત્ન હમે સાચવિયું, જે મોંઘું મુલવાન,
તે લાયક કરમાં સોંપાતાં, ધરશે ઉજ્જવળ વાન.—હમારાં.

રત્નસમું કિમતી તોપણ એ, જડ નહિ રત્નસમાન,
લાગણીવાળું, કોમળ ઉરનું, જાળવશો ગુણજાણ !—હમારાં.
જે વેલીને પાળી પોષી, કીધી સૌરભવાન,
તેને આજે આર્દ્ર હૃદયથી, મુકિયે તમ ઉદ્યાન.—હમારાં.
એ વેલીની સૌરભને સાચવશો આપ સુજાણ,
તો તેથી શોભે એ વેલી, શોભે તમ ઉદ્યાન.—હમારાં.

ફૂલી વેલીને કરમાવા દેશો ના, ગુણવાન !
સ્નેહામૃતનું સિંચન હરનિશ, કરજો રાખી ધ્યાન.—હમારાં.
કન્યા હમારી ડાહી સમજણી, તોપણ છે નાદાન,
એના દોષ તરફ ના જોશો, ગણજો પુત્રીસમાન.—હમારાં.
એ બાળાને કેળવતાં કે દેતાં વિદ્યાદાન,
કંઇક કચાશ રહી હોશે તો કરશો માફ, સુજાણ !—હમારાં.

કથની જગતની "કન્યા પરાઇ, થાતાં તેનું દાન."
કઠણ વચન હમને ન રુચે એ, કારણ એ અમ પ્રાણ.–વ્હમારાં.
વિધિનાં નિર્મ્યાં સ્નેહીજનોનાં, કુદરતનાં બંધાણ,
તે તૂટે નહિ કોટિ ઉપાયે, એ છે વાકય પ્રમાણ.–વ્હમારાં.
પુત્રી હમારી–આપ હમારા–કરવું શું લંબાણ?
સદા સ્નેહની ભરતી રહેજો! થાજો શુભ કલ્યાણ!–વ્હમારાં.
કંચનલાલ ને તારામતી સદા રહો! દંપતી હો એકતાન!
જીવનનાં કંઇ મધુરાં મધુરાં ગાજો મંજુલ ગાન!–વ્હમારાં.
રામચંદ્રસમ સસરાજી, ને સાસુ સીતાસમાન,
તેની સેવામાં હરનિશ હો જીવનનાં કલ્યાણ!–વ્હમારાં.
વ્હાલભર્યાં નણદી દેરાણી, દીયેર સ્નેહનિધાન,
સ્વર્ગસમાં સુખ દેજો–લેજો! સુખમાં હો ગુલતાન!–વ્હમારાં.
ઊંચી અટારી સ્વર્ગભુવનની કંઈ ઊંચે આસમાન,
ત્યાંથી પ્રકટતી પૂજ્ય પિતાની, પરિચિત આશિષવાણ.–વ્હમારાં.
"બાળક મ્હારાં! જીવનપથમાં હો શુભ સર્વ પ્રયાણ!
ઉભય કુટુમ્બે સંપ સદા રહો! થાજો તમ કલ્યાણ!"–વ્હમારાં.
પરમ પિતા! મંગલમય પ્રભુ! એ આશિષ હો ફળવાન!
અવિચળ સુખમય દંપતીનાં હો જીવનનાં જોડાણ–વ્હમારાં.



પ્રાર્થના સ્તુતિ.

પ્રભુમજ, તારણ દે પતિતોને, તારણ દે પતિતોને,
પ્રભુમજ, તારણ દે પતિતોને. ટેક.

પુણ્ય નથી પ્રભુ મારી પાસે, પાપ ઘણાં મજ માથે; પ્રભુ. ૧
નિશદિનના તો બહુ અપરાધે, છું અતિ દોષિત સાથે; પ્રભુ. ૨
વૈદ્ય નથી પ્રભુ, તુજ વિણ કોઇ, સાજો કર સહુ વાતે; પ્રભુ. ૩
સર્વ સમર્થ ખરો, તું ત્રાતા, રાખ મને તુજ હાથે; પ્રભુ. ૪
શું કરવું તે કે, પ્રભુ નાથા, મૂર્ખ ઘણો છું જાતે; પ્રભુ. ૫
તુજ સ્તવનો હું ત્યારે ગાઉં, સંતોની સંઘાતે; પ્રભુ. ૬

વર કન્યાને ઉપદેશ.

" હે નવ વિવાહિત દમ્પતિ ! પરમકૃપાળુ પ્રભુની કૃપાથી તેની સમક્ષ તમે બન્ને જણ લગ્ન સંબંધથી જોડાયાં છો ! આજ સુધી તમે સ્વતંત્ર હતાં, પરંતુ હવે તેમ નથી. આજથી તમો બન્નેને એક બીજાંની કાળજી રાખવાની છે. તમો બન્નેનાં શરીરો જોકે જુદાં છે, તોપણ તમારૂં મન તો એકજ હોવું જોઇએ. તમારા વચ્ચે કોઇ પણ પ્રકારનું જુદાપણું હોવું જોઇએ નહિ. "

" લગ્ન એ સંસાર મંદિરનો દરવાજો છે તે ઓળંગીને આજ તમોએ સંસારમાં પ્રવેશ કર્યો છે. સંસાર એ પરમાત્માનું નિવાસ સ્થાન છે. તેમાં તમારા સઘળા આચાર વિચાર પવિત્ર રાખજો. સમજુ અને અનુભવી પુરૂષોએ આ સંસારને ભયંકર જંગલની ઉપમા આપી છે, તે પણ યોગ્ય છે. આ જંગલનો માર્ગ ઘણોજ વિકટ છે. તે માર્ગમાં ચાલતી વખત ઘણુંજ સાવચેત રહેવું જોઇએ. આ લોકની

ક્ષણિક સુખ સંપત્તિના મોહને વશ થઈને સઘળાં સુખનો આપનાર જે પ્રભુ તેને વિસારશો નહિ. તેના પ્રત્યેના ભક્તિ-ભાવમાં વધારો કરી તેની કૃપા સંપાદન કરો. એક બીજાનાં ઐહિક સુખો માટે જેમ રાતદિવસ જાગૃત રહો તેવીજ રીતે, બલ્કે તેથી પણ વિશેષ, પારલૌકિક કલ્યાણ સાધવાના કાર્યમાં પણ જાગૃત રહો. સંસાર સંબંધી ન્હાનું કે મ્હોટું કોઇ પણ કામ કરવું પડે તે પ્રભુના નામથીજ કરજો. તેનું સ્મરણ કર્યો વિના કોઇ પણ કાર્ય હાથ ધરશો નહિ."



ગરબી.

સજી શીણગારૂપી વસ્ત્ર અલંકાર, ચાલો સખી ફરવાને
જુઓ શારદા દેવીનું પેલું દ્વાર, દરશણ કરવાને.
પધારી નથી પોતે બિરાજ્યા, મયુરે માતા શોભેરે,
ઝીણાં વીણાનાં સુર રસીલાં સુણીને ચિતડું લોભે.—
ચાલો સખી.

ઝગ ઝગ ઝમકે તેજ દેવીનું, દિવ્ય સ્વરૂપે પ્યારૂંરે,
મનહર સુંદર મુર્તી નીરખતાં તલ્લીન થયુ મન મારૂં.
ચાલો સખી.


કુમ કુમ કરમાં લેજો સાહેલી, અક્ષત અલબેલીરે,
પુષ્પની માળા પરમેશ્વરીને, પ્રીતે પહેરાવો વેલી.
ચાલો સખી.

શાંત્તીની દાતા બુદ્ધિ પ્રદાતા, નમી નમી ચરણે લાગોરે,
સૃષ્ટિનું સત્ત્વ છે એમાં ભરેલું, ભાવ ધરી બ્હેન માગો
ચાલો સખી.

સરસ્વતીનું શરણુ ગૃહીને સેવે જે નરનારીરે.
મન માન્યું ફળ મળશે તેને, આહા! દેવી બલીહારી.
ચાલો સખી

પ્રેમ.

પ્રેમના નામનું, પ્રેમના કામનું, શી રીતે કરૂં વખાણ?
છે દયાળુ છે કૃપાળુ. નથી તેમાં ભુડું જાણ.
મનમાં દયા સદા પાળે, ઊરમાં કૃપા કરે વાસ;
મિઠા વિચાર સદા ઝાલે. નથી દંડણ તેની પાસ. ૧
દયા રાખે. ભલું તાકે, ભુંડું ખમી રાખે ભાવ;
ધીરે ઘણું, ચાહે ઘણું, વળતી બોલે. "ભાઇ, આવ."
બધા લોકને ભાઇ માની સદા ઇચ્છે સહુનું સુખ;
સહુને બાપનાં છૈયાં જાણી. કલેશીનાં ટાળે છે દુઃખ. ૨



વિદુષી અને અજ્ઞાન સ્ત્રીનો સંવાદ.

(શા માટે શ્રમ કરે સતિ તુજ, એ લય.)

અજ્ઞાન સ્ત્રી–કેમ બોલ્યાં નહિ બહેન !
આપણે વિદ્યા શીદ શીખવી.
નથી કંઇ ચાકરી કરવી.

વિદુષી–ચાકરી તો સહેલી બહુ, (પણ) આકરી ગૃહસંભાળ.
વિદ્યાવિણ તે ના થતી. થડવિણ જેમ ન ડાળ,
આપણ જગમાં ગૃહિણી ગણાતાં, વિદ્યાવિણ ઘર નથી સોહતાં,
સાચી વિદ્યાવિના નથી સાચી સમજણ આ પડવી,
જરૂર તેથી વિદ્યા ભણવી.

અજ્ઞાન સ્ત્રી–ભણે એ તો પંડિત પુરાણી,
આપણે કયાં કરવી છે કમાણી.
વળી લક્ષ્મી પણ જ્યાં વિદ્યા નથી ત્યાંજ
સદા ટકવી, પછી શીદ કડાકુટ કરવી.

વિદુષી–વિદ્યા જો લક્ષ્મી હરનારી,
ધનવંતા તો થાય ભિખારી; સાચી૦
વિદ્યાવાનૂ દરિદ્ર ના, પણ નિઃસ્પૃહી છે એહ,
ક્લેશ–દ્વેષ–દુઃખ ટાળતી, વિદ્યા નિઃસંદેહ,
કમાણી આપણે પણ વાપરવી, વિદ્યાવિણ બુદ્ધિ તે ન થવી; સાચી૦

અજ્ઞાન સ્ત્રી–આવડે નહિ ઘરકામો ભણતાં,
ભણેલીને બૈરાં નથી ગણતાં; વળી૦

વિદુષી-મૂર્ખ હોય તે મૂર્ખનાં, છોને કરે વખાણ,
સાચું ભણેલાં તો કરે, ઘરને સ્વર્ગસમાન,
વિદ્યાવાળી સદા રહે રાજી, કોઇ વાતની ન કરે પતરાજી; સાચી૦
અજ્ઞાન સ્ત્રી-ભણેલી છૈયાં ના સંભાળે,
દળે ન ખાંડે ન કચરો વાળે; વળી૦

વિદુષી-ભણેલી માતાઓ જ દે, બાલકને બહુ જ્ઞાન.
પાળી પોષી તેમને, કરતી તે વિદ્વાન,
સમય વિચારી બધું કરી લેતી,
વ્યવહારે ન્યુનતા થવા ના દેતી; સાચી૦
અજ્ઞાન સ્ત્રી-ભણેલીઓ તો ધરમ છોડતી,
ઉલટી એ તો નરકે પડતી; વળી૦
વિદુષી-ભણે ધર્મ કરે સદા, સમજી, તેનો મર્મ,
પ્રભુને ભજીને તે સદા, કરતી સારાં કર્મ.—
દાન. તીર્થ. વ્રત યથાવિધિએ. વળી અનીતિ દુર્ગુણથી બ્હીએ, સાચી૦
વઢે વઢે ઝગડે નહિ. સમજુ સ્ત્રી છે જેહ,
પ્રતિકૂલતામાં પણ સદા પ્રસન્ન રહેતી તેહ,
નીજ ગૃહસ્થાશ્રમ બહુ દીપાવે, વળી ક્ષેમ પણ સાધે સઘાવે સાચી૦
અજ્ઞાન સ્ત્રી-વિદ્યાતણું સુખ બહુબહુ રીતે,
સમજાવ્યું તે શુણ્યું મેં પ્રીતે.
સ્ત્રીજાતિએ ખરે, ખરી વિદ્યાદેવી વરવી,
અવિદ્યા જરૂર પરહરવી

RIGHTS OF WOMEN.

The rights of woman, what are they ?
The right to labour, love and pray;

The right to weep with those that weep,
The right to wake when others sleep.

The right to dry the falling tear,
The right to quell the rising fear;

The right to smooth the brow of care,
And whisper comfort in despair.

The right to watch the parting breath;
To soothe and cheer the bed of death;
The right when earthly hopes all fail,
To point to that within the veil.

The right, the wanderer to reclaim,
And win the lost from paths of shame;
The right to comfort and to bless
The widow and the fatherless !
The right, the little ones to guide,
In simple faith, to Him who died;
With earnest love and gentle praise,

To bless and cheer their youthful days.
The right the intellect to train,
And guide the soul to nobler aim;
Teach it to rise above earth's toys,
And wing its flght to heavenly joys.
The right, to live for those we love;
The right, to die that love to prove,
The right, to brighten earthly homes.
With pleasant smiles and gentle tones.
Are these thy rights ? Then use them well;
The holy influences none can tell.
If these are thine, why ask for more ?
Thou hast enough to answer for !
Are these thy rights ? Then murmur not
That women's mission is thay lot;
Improve the talents God has given,
Life's duties done–thy rest in heaven !

ગીત.

અર્પો આશીષ વિભૂ જયકારીરે
દિન ધવળ મંગળ શુભકારી.
કરૂણા કૃપાળુ ઈશ કરો વધુ વર પર
અવસર આનંદકારી...........અર્પો આશીષ.


અલી કુંજ વિષે રતી જેમ
વધો દમ્પતી બહુ પ્રેમ
ઈશ રાખો કુશળ ક્ષેમ

હેજો વિઘ્ન સકળ વિદારીરે,
દિન ધવળ મંગળ શુભકારી.
સુખ ને સંપતી સારા ભોગવો દંપતી ભારી.
દિન પર દિન સુખકારી.......અર્પો આશીષ
સુખમય સંસાર કરો સરજનહાર
પ્રીત એકમેક ઉરમાં વધારી....અર્પો આશીષ
રહો સદનમાં શાન્તી નિવાસ,
સ્નેહ જ્યોતિનો શુદ્ધ પ્રકાશ,

પરીપૂર્ણ કરો પ્રભૂ આશ

કૃપા દ્રષ્ટિ પ્રસારીરે, દિન ધવળ મંગળ શુભકારી.
વર કન્યા પર વરસજો અમીસમ વૃષ્ટી રસાળ
અમન ચમનમાં રાખજો, હે પ્રભુ દીન દયાળ
અર્પો આષીશ વીભૂ જયકારીરે.

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—
શા૦ જેકીશનદાસ મંછારામ ભાગળીઆ
ઘી કાંટા હરિપુરા–સુરત.



છાપનારઃ—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક.
શ્રી " અનાવિલ " પ્રિન્ટીંગ પ્રેસ
બરાનપુરી ભાગળ–સુરત.